# આજે ભારત - વેસ્ટઈન્ડિઝ વચ્ચે બીજી વનડે

વિશાખાપટ્ટનમ,તા. ૨૩

આવતીકાલે ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે વિશાખાપટ્ટનમ ખાતે બીજી વન-ડે મેચ રમાશે. આ વન-ડેમાં ભારત જીત મેળવી ટીમ ઇન્ડિયા સતત છઠ્ઠો શ્રેણી વિજય નોંધાવવા માગશે. જ્યારે બીજી બાજુ વેસ્ટ ઇન્ડિઝની ટીમ શ્રેણી સરભર કરવાના ઇરાદે મેદાને ઉતરશે.

રવિવારની મેચ ઉપર વરસાદનો ખતરો રહેલ છે. વિશાખાપટ્ટનમમાં એસીએ સ્ટેડિયમમાં આવતીકાલે ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે બીજી વન-ડે મેચ રમાશે. આ વન-ડેમાં ભારત વેસ્ટ ઇન્ડિઝ સામે હોટ ફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે. ભારતના બેટ્સમેનો અત્યારે ફોર્મમાં જણાવી રહ્યા છે. તેમાં ય ખાસ કરીને શિખર ધવન, વિરાટ કોહલી અને રોહિત શર્મા પોતાના કેરિયરના સુવર્ણ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. જેના કારણે ભારત આ મેચમાં જીત મેળવવા ફેવરિટ ટીમ તરીકે મેદાનમાં ઉતરશે. ભારત અત્યારે શ્રેણીમાં ૧-૦ની સરસાઈ ભોગવે છે. પ્રથમ વન-ડેમાં ભારતના સ્પીન બોલરો સામે વેસ્ટ ઇન્ડિઝના બેટ્સમેનો લાચાર જણાતા હતા.

તેમાંય સુરેશ રૈના અને રવિન્દ્ર જાડેજાની બોલિંગ સામે વેસ્ટ ઇન્ડિઝના બેટ્સમેનો ઘૂટણીએ પડી ગયા હતા. ત્યારે ભારતને ફરી એકવાર પોતાના સ્પીનર બોલરો પાસેથી વિજય પ્રદર્શનની આશા રહેશે. અશ્વિન, જાડેજાની જોડી વેસ્ટ ઇન્ડિઝના બેટ્સમેનો ઉપર ભારે પડી શકે છે. જ્યારે સમ્મી અહેમદ અને ભુવનેશ્વર કુમાર પણ લેહમાં જણાવી રહ્યા છે. પ્રથમ વન-ડેમાં મળેલ તકનો ફાયદો ઉઠાવવામાં જયદેવ ઉન્નડકર નિષ્ફળ રહ્યો હતો જેના કારણે તેના સ્થાને ટીમમાં અન્ય કોઈ ઝડપી બોલરને સ્થાન મળી શકે છે. બીજી બાજુ ભારતને બેટ્સમેનો અત્યારે લયમાં જણાવી રહ્યા છે. ભારતની ઓપનીંગ જોડી શિખર ધવન અને રોહિત શર્મા વિજયી ભાગીદારી નોંધાવવા સક્ષમ છે. વિરાટ કોહલી પોતાની વિસ્ફોટક ઇનિંગ્સ મારફતે ગમે ત્યારે મેચનું પાસું પલટી શકે છે. મહેન્દ્રસિંહ ધોની અને સુરેશ રૈના પણ ઉપયોગી ઇનિંગ્સ રમી શકે છે. ભારત માટે એક માત્ર યુવરાજસિંહનું ફોર્મ ચિંતાનો વિષય છે. છેલ્લા કેટલાક સમયથી યુવરાજસિંહ સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહ્યો છે. ત્યારે ભારતને પણ બીજી વન-ડેમાં યુવરાજસિંહ પાસે વિજય પ્રદર્શનની આશા રહેશે. બીજી બાજુ વેસ્ટ ઇન્ડિઝના બેટ્સમેનો પોતાના ફોર્મ સાથે ઝઝુમી રહ્યા છે ત્યારે વેસ્ટ ઇન્ડિઝ માટે શ્રેણી જીવંત રાખવા માટે આજની મેચ જીતવી પડે તેમ છે.



## બળાત્કારના પ્રયત્ન અંગેની ફરિયાદ કાવતરું : તેજપાલ

નવી દિલ્હી, તા. ૨૩

બળાત્કારના આરોપી તહેલકાના સંપાદક તરૂણ તેજપાલને ગવા પોલીસ આજે પૂછપરછ કરશે. તેજપાલના વિરૂદ્ધ કાલે જ રેપનો પ્રયત્ન કરવાનો કેસ દાખલ કર્યો છે. આ પહેલા શુક્રવારે દિલ્હી પોલીસની એક ટીમે તરૂણ સાથે વાતચીત કરવા માટે તેમના ઘરે પહોંચી હતી. જો કે પોલીસના જવાન જલ્દી જ તરૂણના ઘરેથી નીકળી પણ ગઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે તપાસ અધિકારીને લાગે તો તરૂણ તેજપાલની ધરપકડ પણ કરવામાં આવી શકે છે.

તેજપાલે આ કેસ પર બોલતા કહ્યું છે કે તેઓ પોલીસને દરેક સંભવિત તપાસમાં સહયોગ આપશે. સાથે જ તેમણે પોલીસને સીસીટીવી ફુટેજ સાર્વજનિક કરવાની પણ માંગ કરી છે. ઈન્ડિયન એક્સપ્રેસ સમાચાર પત્રની સાથે વાતચીતમાં તેજપાલે કહ્યું કે પીડિત મહિલા સાચું નથી કહી રહી. મને ફસાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. આની પાછળ રાજકીય પક્ષનું દબાણ કામ કરી રહ્યું છે. બીજી બાજુ તહેલકના મેનેજિંગ એડિટર શોમા ચૌધરીએ સ્પષ્ટ રીતે કહી દીધું છે કે જાતિય શોષણના આરોપી તરૂણ તેજપાલના વિરૂદ્ધ કેસ દાખલ નહીં કરાવે. શોમા ચૌધરીએ કહ્યું કે ગોવા પોલીસની પાસે નહીં જાય. તેમણે કહ્યું કે જો પીડિત છોકરી ઈચ્છે તો તે પોલીસમાં જઈ શકે છે. શોમાએ જણાવ્યું કે આ કેસની તપાસ માટે એક કમિટીનું ગઠન કરવામાં આવ્યું છે અને તપાસ પછી જ આગળની કાર્યવાહી કરાશે. બળાત્કારના આરોપ લાગ્યા પછીથી બધા જ રાજકીય પક્ષોએ તહેલકાનાં સંપાદક તરૂણ તેજપાલ પર કડક કાર્યવાહીની વકિલાત કરી છે. બીએસપી અધ્યક્ષ માયાવતીના મુજબ તરૂણ તેજપાલને એવી સજા મળે જેથી ફરીથી કોઈ મહિલાની સતામણી ન થાય. સીપીએમ નેતા વૃન્દા કરાતની મુજબ છોકરી ઈચ્છે કે ન ઈચ્છે સરકારે કાર્યવાહી જરૂર કરવી જોઈએ. ભાજપનો આરોપ છે કે તરૂણ તેજપાલ કોંગ્રેસના સમર્થક છે આથી પાર્ટી આની પર ચૂપ છે. ત્યાં દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષિતનું કહેવું છે કે કાનુન હેઠળ કાર્યવાહી પછી આ કેસ આવા લોકોને માટે બોધપાઠ બનવો જોઈએ.

## ચૂંટણીમાં અરાજકતા ફેલાવી શકે છે આતંકવાદી સંગઠન : મનમોહન

નવી દિલ્હી,તા. ૨૩

વડાપ્રધાન મનમોહનસિંહ આજે ચેતવણી આપી હતી કે આતંકવાદી સંગઠનો આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં ગરબડ ઉત્પન્ન કરી શકે છે. વડાપ્રધાને સુરક્ષા એજન્સીઓને ચૂંટણીઓને ધ્યાનમાં રાખી સતર્ક રહેવાની સલાહ આપી હતી. નવી દિલ્હી ખાતે આજે વડાપ્રધાને ઉચ્ચ પોલીસ અધિકારીઓના એક સંમેલનને સંબોધિત કરતા જણાવ્યુ હતુ કે આગામી સમયમાં પાંચ રાજ્યોમાં વિધાનસભાની અને ત્યારબાદ લોકસભાની ચૂંટણી યોજાવાની છે. આ સમયે દેશની સુરક્ષા વ્યવસ્થા ન જોખમાય તે માટે સતર્ક રહેવાની જરૂર છે. સંમેલનને સંબોધિત કરતા તેમણે જણાવ્યુ હતુ કે કેટલાક રાજ્યોમાં સાંપ્રદાયિક હિંસામાં વધારો થયો છે જે ચિંતાજનક છે. સુરક્ષા એજન્સીઓએ આવી ઘટનાઓ સામે કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ, ભય કે પક્ષપાત વગર દ્રઢતાપૂર્વક કાર્યવાહી કરવી જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યુ હતુ કે આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં આંતકવાદી ગરબડ ઉત્પન્ન કરે તેવી શક્યતા છે ત્યારે સુરક્ષાદળોએ સાવધાન રહેવાની જરૂર છે. સિંહે ઉત્તરપ્રદેશના મુજફ્ફરનગર અને આજુબાજુના



વિસ્તારોમાં થેયલા રમખાણોનો ઉલ્લેખ કરીને જણાવ્યુ હતુ કે કાયદો અને વ્યવસ્થાને જાળવી રાખવા માટે સુરક્ષાદળોએ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે સાંપ્રદાયિક લાગણીઓને ભડકાવવા માટેના સ્થાનિક મુદ્દાઓનો ઉપયોગ ન કરવામાં આવે. વડાપ્રધાને પોલીસ મહાનિર્દેશકોના સંમેલનમાં જણાવ્યુ હતુ કે તાજેતરમાં કેટલાક રાજ્યોમાં સાંપ્રદાયિક હિંસાની ઘટનામાં વધારો થયો છે જે દેશના વાતાવરણને ડહોળી રહ્યુ છે. આવી ઘટનાઓને સ્વીકારી શકાય નહીં. જ્યાં પણ આવી સ્થિતિ ઉભી થાય ત્યાં કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ કે પક્ષપાત વગર દાબી દેવી જોઈએ. તેમણે ઉમેર્યુ હતુ કે રાજ્યોના પોલીસ વડાઓની એ જવાબદારી છે કે તેમના રાજ્યોમાં પોલીસ દળ આવા સાંપ્રદાયિક કૃત્યોને દાબી દેવા માટે યોગ્ય કાર્યવાહી કરે.

વડાપ્રધાને સમાજમાં તણાવ ઉત્પન્ન કરવા માટે સોશિયલ મિડિયાના દૂરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને જણાવ્યુ હતુ કે દેશમાં તાજેતરમાં મુજફ્ફરનગરમાં ઉત્પન્ન થયેલી પરિસ્થિતિઓ માટે સોશિયલ મિડિયા અને એસએમએસનો દૂરૂપયોગ કરવામાં આવ્યો હતો જેને રોકવો જોઈએ તેમણે જણાવ્યુ હતુ કે એવા રચનાત્મક સાધનોને શોધવાની જરૂર છે જે અભિવ્યક્તિની સ્વતંત્રતા જાળવી રાખવા છતાં સોશિયલ મિડિયા દ્વારા કરાતા દુરપ્રચાર પર નિયંત્રણ મેળવી શકે. વડાપ્રધાને ઉમેર્યુ હતુ કે આંતકવાદી સંગઠનો અને તેમાંય ખાસ કરીને લશ્કરે તોયબાના આતંકવાદીઓની ઘૂષણખોરીના પ્રયત્નોમાં વધારો થયો છે. જેને અટકાવવા સરહદ પર સુરક્ષા વધારવાની જરૂર છે.

**આસામના ચિરાગ જિલ્લાની ઘટના**

## બજારમાં ખુલ્લેઆમ શસ્ત્ર ઉગ્રવાદી ફરતા નજરે પડ્યાં

ગુવાહાટી,તા. ૨૩

આસામના ચિરાગ જિલ્લામાં ઉગ્રવાદીઓ ખુલ્લેઆમ બજારમાં નજરે પડતાં ચકચાર મચી જવા પામી હતી. ઉગ્રવાદી સંગઠન એનડીએફબીના હથિયારધારી આતંકવાદી ખાણીપીણી અને ગરમ કપડાંઓના બજારમાં ખરીદી કરવા પહોંચ્યા હતા જેના કારણે બજારમાં ભાગદોડ મચી ગઈ હતી. આ ઘટનાની જાણ પોલીસને થઈ અને પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યાં સુધી ઉગ્રવાદીઓ ખરીદી કરીને નીકળી ગયા હતા અને પોલીસ જોતી રહી ગઈ હતી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ૧૫ ઉગ્રવાદીઓ અમટેકા બજારમાં આવ્યા હતા અને ખરીદી કરી ભૂતાન બોર્ડર પાસે ઉત્તરીય હિમાલયની તળેટીમાં સ્થિત પોતાના સ્થાનકો ઉપર પરત ફર્યા હતા. લોકોએ જણાવ્યું હતું કે બજારમાં ખરીદી કરી રહેલા લોકો હથિયારબંધ ઉગ્રવાદીઓને જોઈને ભાગી ગયા હતા. જિલ્લા પોલીસ અધ્યીક્ષક સંદીપ કૃષ્ણાએ જણાવ્યું હતું કે આ જે માહિતી પ્રાપ્ત થતાની સાથે જ પોલીસ, આર્મી અને સીઆરપીએફના જવાનોની ટીમ બજારમાં પહોંચી ગઈ હતી અને ઉગ્રવાદીઓને પકડવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. આ પહેલાં છ ઉગ્રવાદીઓની જાળમાંથી ભાગી છૂટવામાં બે યુવકોને સફળતા મળી હતી. ૨૧ નવેમ્બરની રાત્રે ડેકીંગ માતરામાં જાકીર હુસૈન નામના શખસની તલાસમાં નીકળેલ ઉગ્રવાદીઓને આ બે યુવકે બંધક બનાવ્યા હતા. હુસૈનના ઘર સુધી પહોંચવા આ બંને યુવકોની ઉગ્રવાદીઓ મદદ લેવા માગતા હતા. જો કે તેમને બૂમો પાડતા અંતે બધા નાસી છૂટ્યા હતા.

## સમાચાર ઝલક

- ♥ મિઝોરમ અને મધ્યપ્રદેશની વિધાનસભાની ચૂંટણી પ્રચાર પડઘમ શાંત.
- ♥ આજે દેશની તમામ અદાલતોમાં લોક અદાલતોનું આયોજન કરાયું.
- ♥ સમાજવાદી પક્ષના મુલાયમસિંહને ડી.લીટની પદવી એનાયત કરાઇ.
- ♥ ભારતીય મૂળની નિશા દેસાઇએ અમેરિકન વિદેશ મંત્રાલયમાં ઉચ્ચ હોદ્દો સંભાળ્યો.
- ♥ તેજપાલ પ્રકરણમાં કોંગ્રેસનું મૌન - નરોવા કુંજરો વા.
- ♥ દહેરાદૂનમાં આઇ.એ.એસ જોષીએ કાયદાનો દુરપયોગ સામે મહિલા સામે ફરિયાદ નોંધાવી.
- ♥ મોંઘવારી અંગે કેન્દ્રીય પ્રધાન કપિલ સિબ્બલનું વિવાદાસ્પદ નિવેદન - બે શાકભાજી અને દાળ ખાવાથી મોંઘવારી વધી.
- ♥ 'હેલન' વાવાઝોડાથી ૬નાં મોત.
- ♥ ચીનમાં તેલની પાઇપલાઇનમાં આગથી ૪૪નાં મોત.
- ♥ રશિયાએ ૩ ઉપગ્રહોનું પરીક્ષણ કર્યું.
- ♥ કેશ ફોર વોટ પ્રકરણમાં અમરસિંહ નિર્દોષ છૂટ્યા, અંગત મદદનીશને સજા થઇ.
- ♥ ૧૭% શહેરી ભારતીયો કીડનીના રોગથી અસરગ્રસ્ત
- ♥ દિલ્હી સહિત ૧૦ શહેરોમાં મકાનના ભાવોમાં ઘટાડો નોંધાયો, મંદીની તીવ્ર અસર.
- ♥ ગુજરાતમાં હવે ૬૦ વર્ષે સિનિયર સિટીઝન ગણાશે.
- ♥ ઇલાયસી-લવિંગના ફ્લેવરની ચોકલેટ હવે ખાવા મળશે.
- ♥ યુ.પી.એ સરકારનો રાજાશાહી જલસો, ડીનર પાર્ટીમાં એક ડીસ રૂ.૬૮૭૧ની.
- ♥ ૧૯મી ડિસેમ્બરે બેંક હડતાળનું એલાન.
- ♥ છત્તીસગઢમાં નકસલવાદીઓનું ફરમાન : ૫૩ ચીજવસ્તુના ભાવ બાંધ્યા, ૧૦ રૂપિયે કિલો બટાકા.
- ♥ ઝવેરચંદ મેઘાણીના સ્મૃતિ સ્થળોને જીવંત બનાવવા લોકલાગણી.
- ♥ કેન્દ્ર સરકાર વૃદ્ધો માટેના પેન્શનમાં ધરખમ વધારો કરાયો.
- ♥ નારાયણ સાંઇની સાધિકા ગંગા સહિત આઠના જામીન મંજૂર થયા.
- ♥ બેંકોના ૧૬,૪૦૦ કરોડ ડૂબાડનારના નામો યુનિયન જાહેર કરશે.

## સ્વામી રાયબરેલીથી સોનિયા સામે ચૂંટણી લડે તેવી શક્યતા

લખનૌ,તા. ૨૩

ગાંધી પરિવાર સાથે રાજકીય વેરભાવના રાખનાર ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ લખનૌનો ચૂંટણી પ્રવાસ કરતા રાજકીય ચર્ચાઓનો દોર શરૂ થી ગયો છે. સ્વામી શુક્રવારે અચાનક લખનૌ પહોંચ્યા હતા અને કેટલાક રાજકીય નેતાઓ સાથે ત્રણ કલાક સુધી મુલાકાત કરી દિલ્હી પરત ફર્યા હતા. સ્વામીના આ પ્રયાસને કેટલાક વ્યક્તિઓ તેમના રાજકીય ઉદ્દેશ્ય સાથે જોડીને જોઈ રહ્યા છે તો કેટલાક લોકો નરેન્દ્ર મોદી માટે ફીડબેક મેળવવા માટેના પ્રયત્નો ગણાવી રહ્યા છે. સ્વામીના આ પ્રવાસને ૧૯૮૭માં થયેલ હાશિમપુરા રમખાણો મામલે હાઈકોર્ટની લખનૌ બ્રાંચમાં દાખલ કરવામાં આવેલી અરજી સાથે પણ જોડવામાં આવી રહ્યો છે. સ્વામીના નજીકના સૂત્રોએ જણાવ્યુ છે કે તેઓ એક ખાનગી રાજકીય મિશનથી લખનૌ આવ્યા હતા. જેમાં તેઓ ત્રણચાર જગ્યાએ નેતાઓ સાથે મુલાકાત કરી દુલ્હી પરત ફર્યા હતા. સ્વામી જેને પણ મળવા ગયા તે સમય દરમિયાન તેમની સાથે ગયેલ લોકો બહાર ગાડીમાં સ્વામીની રાહ જોતા નજરે પડ્યા. સૌથી પહેલા તેઓ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના ઉત્તરપૂર્વ વિસ્તારના પ્રચારક શિવ નારાયણને મળવા પહોંચ્યા હતા. સ્વામીએ શિવનારાયણ સાથે એક કલાક સુધી ચર્ચા વિચારણા કરી હતી ત્યારબાદ તેઓ ત્યંથી નીકળી ગયા હતા. ઉત્તરપ્રદેશની રાજધાનીમાં સ્વામીની આ મુલાકાતે નવી રાજકીય ચર્ચાને જન્મ આપ્યો છે. અટકળો લગાવાઈ રહી છે કે સ્વામીએ આ મુલાકાતો દરમિયાન લખનૌથી નરેન્દ્ર મોદીની ચૂંટણી લડવાની સંભાવનાઓ પર ચર્ચા વિચારણા કરી હતી. બીજી બાજુ એવી પણ અટકળો લગાવવામાં આવી રહી છે કે સ્વામીએ રાયબરેલીથી સોનિયા ગાંધી સામે ચૂંટણી લડવા અંગે આરએસએસના નેતાઓ સાથે ચર્ચા કરી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાજપ સ્વામીને રાયબરેલીથી કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સામે ચૂંટણી લડવા માંગે છે. સૂત્રોએ વધુમાં જણાવ્યુ હતુ કે સ્વામીના લખનૌ પ્રવાસ દરમિયાન મુખ્યસચિવ જાવેદ ઉસ્માની સાથે પણ મુલાકાત કરી હતી જો કે તેની સત્તાવાર માહિતી મળી નથી. માનવામાં આવી રહ્યુ છે કે મુખ્યસચિવની મુલાકાત દરમિયાન સ્વામીએ હાશિમપુરા રમખાણ સામે લખનૌ બેંચમાં દાખલ અરજી અંગે વાતચીત કરી હતી. ઉલ્લેખનીય છે કે હાશિમપુરા રમખાણ મામલે સ્વામીએ ફરીથી તપાસ કરવા માંગ કરી છે.

## નેપાળમાં માઓવાદી પ્રમુખ પ્રચંડે જીતનું ખાતું ખોલાવ્યું

કાઠમંડુ,તા. ૨૩

યુસીપીએમ માઓવાદીના પ્રમુખ પ્રચંડને સાઉથ નેપાળની દક્ષિણ નેપાળની સિરાહા સીટ પરથી અંતે વિજય મળી ગયો છે. આ સીટ ઉપર ચૂંટણી લડી રહેલ પ્રચંડને ૧૫૨૪૪ વોટ મળ્યા હતા અને તેઓ પોતાના પ્રતિસ્પર્ધી ઉમેદવાર વિલાસ રેટ્સ સામે ૯૦૦ વોટથી વિજય બન્યા હતા. ઉલ્લેખનીય છે કે માઓવાદી પ્રમુખ પ્રચંડને આ પહેલાં કાઠમંડુ મત ક્ષેત્રમાંથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આ સીટ પર નેપાળી કોંગ્રેસના ઉમેદવાર રાજન કેસીને જીત મળી હતી. પ્રચંડે ત્રીજા સ્થાનથી સંતોષ માણવો પડ્યો હતો. પરિણામની સાથે જ માઓવાદી પાર્ટીને ૨૪૦ સીટોમાંથી ૨૪ સીટોમાં જીત મળી ચૂકી છે. જ્યારે નેપાળી કોંગ્રેસ ૮૭ સીટો પર વિજય મેળવીને સૌથી આગળ ચાલી રહ્યું છે. સીપીએમને ૭૯ સીટો પર જીત મળી છે. અન્ય પાર્ટીઓને ૧૫ સીટો પર જીત મળી છે.

## પતંજલિ વિશ્વવિદ્યાલયમાંથી વિદ્યાર્થીની ગાયબ થતાં ચકચાર

હરિદ્વાર,તા. ૨૩

ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદીના સમર્થનમાં કોંગ્રેસ વિરુદ્ધ અભિયાન શરૂ કરનાર યોગગુરુ બાબા રામદેવની મુશ્કેલીઓ દિવસે ને દિવસે વધી રહી છે. હરિદ્વારમાં બાબા રામદેવ વિરુદ્ધ ૮૧ ફરિયાદો દાખલ થઈ હોવાનો વિવાદ હજુ સમ્યો નથી ત્યારે રામદેવની પતંજલિ વિશ્વવિદ્યાલયમાંથી યોગવિજ્ઞાન બીએસઈમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીનું રહસ્યમય રીતે ગાયબ થઈ જવાની ઘટનાથી વિવાદ સર્જાયો છે.

દિલ્હી નિવાસી આ વિદ્યાર્થીની હરિદ્વારમાં યોગગુરુ બાબા રામદેવની પતંજલિ વિશ્વવિદ્યાલયની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરી હતી જે હોસ્ટેલમાંથી ગુરુવારે સવારે અચાનક ગાયબ થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. પોલીસે આ ઘટના અંગે ફરિયાદ નોંધીને વિદ્યાર્થીની તપાસ હાથ ધરી છે. દરમિયાન વિશ્વવિદ્યાલયના કુલપતિ આચાર્ય બાલકૃષ્ણએ શહેરની બહાર હોવાનું કારણ રજૂ કરીને કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા આપવાનો ઈન્કાર કરી દીધો હતો. વિદ્યાર્થીના પિતા વિનોદકુમારે જણાવ્યું હતું કે તેમની પુત્રી આ વર્ષે જ ઓગસ્ટમાં જ વિશ્વવિદ્યાલયની હોટલમાં પ્રવેશ લીધો હતો. ગુરુવારે સવારથી જ તેમની પુત્રીનું મોબાઈલ બંધ આવતો હતો. ત્યારબાદ તેમને હોસ્ટલના પ્રશાસણનો સંપર્ક કરતા કોઈ સંતોષકારક ઉત્તર મળ્યો ન હતો. જેના કારણે શુક્રવારે તેઓ પોતાની બહેનને સાથે લઈને હરિદ્વાર ગયા હતા. વિનોદકુમારે પોતાના આરોપમાં જણાવ્યું છે કે તેમને હોસ્ટેલ પ્રસાસણ તેમજ સ્થાનિક પ્રસાસણ દ્વારા પુત્રીની તલાશમાં કોઈપણ પ્રકારનો સહયોગ મળ્યો નથી. જ્યારે બીજી બાજુ હોસ્ટેલ પ્રસાસણ જણાવી રહ્યું છે કે યુવતીના પરિવારવાળાઓએ ના પાડતાં ગુરુવારે આ અંગે પોલીસ ફરિયાદ કરવામાં આવી ન હતી.

## પટના સિરીયલ બ્લાસ્ટમાં મૃતકોની સંખ્યા સાત થઈ

પટના,તા. ૨૩

બિહારના નાલંદા જિલ્લામાં થયેલ સિરીયલ બ્લાસ્ટમાં મૃતકોની સંખ્યા સાત થઈ ગઈ છે. આજે વહેલી સવારે પોલીસ તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે પટના સિરીયલ બ્લાસ્ટમાં ગંભીર રીતે ઘાયલ નાલંદાના પંડિતપુર વિસ્તારના રહેવાસી લખન રાજવંશીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. તેમના પરિવારના સભ્યોના જણાવ્યા મુજબ રાજવંશીએ પટનામાં શરૂઆતી સારવાર કરાયા બાદ પોતાના ગામ જતા રહ્યા હતા અને ત્યાં સ્થાનિક હોસ્પિટલમાં સારવાર કરાવી રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની પટનામાં હુંકાર રેલીના થોડાક સમય પહેલાં સિરીયલ બ્લાસ્ટ થયા હતા જેમાં છ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

## એનએસઈએલ કૌભાંડનો રેલો અદાણી વિલ્મર સુધી પહોંચ્યો

મુંબઈ, તા. ૨૩


મુંબઈ પોલીસની આર્થિક ગુના નિવારણ શાખાએ (ઈઓડબલ્યુ) જણાવ્યું હતું કે નેશનલ સ્પોટ એક્સચેજ લિમિટેડ (એનએસઈએલ) ખાતે રૂા. ૫,૫૭૪.૩૫ કરોડની પેમેન્ટ ક્રાઈસીસના સંદર્ભમાં અદાણી વિલ્મર લિમિટેડના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસરની પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ સંસ્થા હવે અદાણી વિલ્મરના ચીફ ફાઈનાન્સીયલ ઓફિસરની એનએસઈએલ કૌભાંડમાં ગહન પૂછપરછ કરી હતી. આ અગાઉ ઈઓડબલ્યુ દ્વારા એનએસઈએલના પૂર્વ ચીફ એક્ઝિક્યુટીવ અને મેનેજીંગ ડિરેક્ટર અંજનીસિંહા, એનએસઈએલના પૂર્વ આસિસ્ટન્ટ વાઈસ પ્રેસીડન્ટ જય બહુખાંડી અને અમિત મુખરજી અને લોટસ રિફાઈનરિઝના ડાયરેક્ટર અરૂણકુમાર શર્માની ધરપકડ કરી હતી. અરૂણકુમાર શર્મા પાસેથી એનએસઈએલના રૂા. ૧૫૯ કરોડ બાકી લેણાં નીકળે છે.

દરમિયાન એક કરજદાર પી.ડી. પ્રોર્સસર્સ પ્રા.લી. એનએસઈએલના એસ્ક્રો એકાઉન્ટમાં રૂા. ૧૧ કરોડ જમા કરાવ્યા છે. એનએસઈએલની સેટલમેન્ટ ક્રાઈસીસ કૌભાંડનો પર્દાફાશ ૩૧ જુલાઈ થયો હતો ત્યારે એક્સચેન્જ દ્વારા તેના ઈ સિરીઝ કોન્ટ્રેક્ટ સિવાય તમામ ટ્રેડિંગ એકાએક સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ગ્રાહક બાબતોના મંત્રાલયની સુચના પર ટ્રેડિંગ સસ્પેન્ડ કરાયા હતા. મંત્રાલયે ફયુચર કોન્ટ્રેક્ટસ પણ સસ્પેન્ડ કરવા જણાવ્યું હતું. દરમિયાન એનએસઈએલ પર ડી ફોલ્ટિંગ અરજદારો અને રોકાણકારો વચ્ચે સમાધાન થાય તો પણ આ કૌભાંડમાં દાખલ કરાયેલી એફઆઈઆર યથાવત રહેશે અને મુંબઈ પોલીસની આર્થિક પાંખ દ્વારા જરૂરી કાર્યવાહી અને તપાસ ચાલુ રહેશે એવું આ કૌભાંડમાં તપાસ કરી રહેલ મુંબઈ પોલીસના એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું.

## આમ આદમી પાર્ટીની વિરુદ્ધ ચૂંટણી પંચમાં ૧૦૦ ફરિયાદો

નવી દિલ્હી,તા. ૨૩

રાજકીય વિરોધીઓના નિશાના પર ચાલી રહેલ આમ આદમી પાર્ટીની મુશ્કેલીઓ દિવસે ને દિવસે વધી રહી છે. આમ આદમી પાર્ટી માટે વધુ એક માઠા સમાચાર ચૂંટણી પંચ તરફથી આવ્યા છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં આદર્શ ચૂંટણી પ્રચાર સહિતાનું ઉલ્લંઘન કરવા માટે ભાજપ-કોંગ્રેસ સહિત તમામ પાર્ટીઓ સામે ફરિયાદ નોંધી છે જેમાં ભાજપ-કોંગ્રેસને પાછળ છોડી આમ આદમી પાર્ટી નંબર વન છે. હવે ચૂંટણી પંચને મળેલી ફરિયાદોમાં પણ આમ આદમી પાર્ટીએ સેન્ચુરી પૂરી કરી દીધી છે. ચૂંટણી પંચની ઓફિસ તરફથી સત્તાવાર રીતે પ્રાપ્ત થતી માહિતી મુજબ દિલ્હીમાં વિવિધ પાર્ટીના ઉમેદવારો અને નેતાઓ દ્વારા આચાર સહિતાના ભંગની ૩૫૯ ફરિયાદો દાખલ કરવામાં આવી છે જેમાંથી ૨૭૩ ફરિયાદો રાજકીય પાર્ટી વિરુદ્ધ કરાઈ છે. આ તમામમાં સૌથી વધુ ફરિયાદો અરવિંદ



કેજરીવાલની આમ આદમી પાર્ટી સામે થઈ છે.

ગોવા સુધી આમ આદમી પાર્ટી વિરુદ્ધ ચૂંટણી પંચમાં ૧૦૦ ફરિયાદો દાખલ થઈ ગઈ છે જ્યારે ભાજપ વિરુદ્ધ ૭૯, કોંગ્રેસ વિરુદ્ધ ૬૯ અને બહુજન સમાજ પાર્ટી વિરુદ્ધ ૨૫ ફરિયાદો દાખલ થઈ છે. જ્યારે હજુ ૩૪ અરજીઓ પેન્ડીંગ છે અને બાકીની ફરિયાદો ઉપર ચૂંટણી પંચે રાજકીય પાર્ટીઓ અને તેના ઉમેદવારોને નોટિસ ફટકારી છે. ગેરકાયદેસર રીતે ખાનગી મિલકતો ઉપર લગાવવામાં આવેલ ૩૨૬૯ હોડિંગ્સ અને સરકારી મિલકતો ઉપર લગાવવામાં આવેલ ૫૯૦૧ હોડિંગ્સ ચૂંટણી પંચે ઉતારી દીધા છે. મોટી માત્રામાં દારૂનો જથ્થો પકડી પડાયો છે અને ૪૧થી વધુ લોકો વિરુદ્ધ પ્રિવેટીવ પગલાં ઉઠાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ આમ આદમી પાર્ટીના નવ નેતાઓ વિરુદ્ધ ગેરકાયદે રીતે ચૂંટણી ફંડ ઉઘરાવવાના મામલે સામે આવેલા સ્ટીંગ ઓપરેશનથી વિવાદ સર્જાયો હતો ત્યારે વધુ એક વિવાદથી આમ આદમી પાર્ટીનો ઈમાનદારી સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે.